# મંત્રી-MLAનું માન નહીં જાળવતા અધિકારી સામે કાર્યવાહી થશે

**સરકારી** બાબુઓ ગાંઠતા ન હોવાની ફરિયાદો ઊઠ્યા બાદ સરકારે પરિપત્ર કરવો પડ્યો

ગાંધીનગર : ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી મંત્રીઓ અને ધારાસભ્યોને સરકારી અધિકારીઓ ગાંઠતા ન હોવાની અને જિલ્લાના પ્રવાસ દરમિયાન માન સન્માન ન જળવાતું હોવાની ફરિયાદો ઉઠી હતી. સરકારે આ બાબતને ગંભીરતાથી લઈ લેખિત પરિપત્ર કર્યો છે. પરિપત્રની સૂચનાઓનો ભંગ કરનાર સામે શિસ્તભંગની કાર્યવાહી કરવાનો પણ ઉલ્લેખ કરાયો છે.

રાજ્યમાં લોકપ્રતિનિધિઓના માન-સન્માન અંગે ઉઠતી ફરિયાદોને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે કડક વલણ અપનાવ્યું છે. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા પરિપત્ર જાહેર કરી તમામ સરકારી અધિકારીઓ અને કર્મચારીઓને સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે તેઓ સાંસદ, મંત્રી અને ધારાસભ્યો સહિતના લોકપ્રતિનિધિઓ સાથે વિવેકપૂર્ણ અને સન્માનજનક વર્તન રાખે. સરકારને મળતી રજૂઆતોમાં લોકપ્રતિનિધિઓ સાથે યોગ્ય વ્યવહાર ન થતો હોવાની બાબતો સામે આવતા આ નિર્ણય લેવાયો હોવાનું જાણવા મળે છે. સરકારે ચેતવણી આપી છે કે જો કોઈ અધિકારી અથવા કર્મચારી દ્વારા આ સૂચનાઓનું ઉલ્લંઘન થશે તો તેમના સામે શિસ્તભંગની કાર્યવાહી કરવામાં આવશે. આ પગલું પ્રશાસનમાં પારદર્શિતા અને સમન્વય વધારવા માટે મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે. રાજકીય વર્તુળોમાં આ પરિપત્રને પ્રજાના હિતમાં લેવાયેલો નિર્ણય ગણાવવામાં આવી રહ્યો છે. લોકપ્રતિનિધિઓ અને વહીવટી તંત્ર વચ્ચે સુમેળ જળવાશે તો પ્રજાના પ્રશ્નોનો ઉકેલ વધુ ઝડપથી આવી શકશે એવી આશા વ્યક્ત થઈ રહી છે.રાજ્ય સરકારના આ પરિપત્ર બાદ હવે તમામ કચેરીઓમાં તેના અમલ પર નજર રાખવામાં આવશે.

### આ સૂચનાઓ આપવામાં આવી

(1) જિલ્લા પ્રભારી મંત્રીને કાર્યક્રમોની જાણ કર્યા વગર આયોજન કરી શકાશે નહીં
(2) સાંસદ અથવા ધારાસભ્યને રાહ ન જોવડાવી તાત્કાલિક મુલાકાત આપવી
(3) સરકારી કાર્યક્રમોના આમંત્રણ અને મંચ વ્યવસ્થામાં જનપ્રતિનિધિઓને પ્રોટોકોલ પ્રમાણે સમાવવા

વડોદરા જિલ્લાના પાંચ ધારાસભ્યોએ 2 મહિના પહેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખીને અધિકારીઓ કામ ન કરતા હોવાની ફરિયાદ કરી હતી. તેમજ અધિકારીઓની માનસિકતા સામે જ અનેક સવાલો ઉઠાવ્યા હતા. ધારાસભ્ય કેતન ઈનામદાર,અક્ષય પટેલ, શૈલેષ મહેતા, ચૈતન્યસિંહ ઝાલા અને ધર્મેન્દ્રસિંહ વાઘેલા દ્વારા લખાયેલા આ પત્રમાં 'વંદે માતરમ્'થી શરૂઆત કરી અધિકારીઓની ટીકા કરી હતી. ઉલ્લેખીનય છે કે આ પહેલાં 2017ની વિધાનસભા ચૂંટણી બાદ ત્રણ ધારાસભ્યોએ સર્કિટ હાઉસ પર બેઠક બોલાવી કામ થતાં ન હોવાનો બળાપો કાઢ્યો હતો. ગુજરાત વિધાનસભાની કુલ 182 સીટમાંથી 162 ભાજપના નામે છે. ભાજપનો ગઢ અને પ્રયોગશાળા ગણાતા ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી ભાજપના ધારાસભ્યો લોકોની નારાજગીનો ભોગ બની રહ્યા છે. જેનું કારણ જાણવા છ મહિના પહેલા ભાસ્કરે ભાજપના 150 જેટલા ધારાસભ્યનો ટેલિફોનિક સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો. જેમાંથી 101 ધારાસભ્યએ દિવ્ય ભાસ્કરના સરવેમાં ભાગ લીધો અને સવાલોનો જવાબ આપ્યો. જેમાં દર પાંચમા ધારાસભ્યએ સ્વીકાર કર્યો હતો કે, 'અધિકારીઓ અમારું સાંભળતા નથી'

# ભાવનગરમાં બાવળની ઝાડીમાંથી યુવકનો મૃતદેહ મળ્યો

**અધેવાડા** ગામની ઘટનામાં ડોગ સ્ક્વોડ-FSLની મદદથી પોલીસે તપાસ હાથ ધરી



ભાવનગર : ભાવનગર નજીક આવેલા અધેવાડા ગામની અવાવરું જગ્યામાં બાવળની કાંટમાંથી શંકાસ્પદ હાલતમાં એક યુવાનનો મૃતદેહ મળતાં વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. ઘટનાની જાણ થતાં જ ડીવાયએસપી, ડોગ સ્કોવડ, એફએસએલ સહિતનો પોલીસ કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે, તથા યુવાનને માથાના ભાગે થયેલી ઈજાઓને આધારે પોલીસે તપાસ શરૂ કરી છે. પરિવારજનોએ હત્યાની આશંકા વ્યકત કરી ન્યાયની માગ કરી છે. આ બનાવ અંગે સીટી ડીવાયએસપી આર.આર.સિંધાલે જણાવ્યું હતું કે, ભરતનગર પોલીસ સ્ટેશનના અધેવાડા વિસ્તારમાં જાળી જાખરા પાસે એક દીવાલ છે. જે સ્થળે એક વણશોધાયેલી લાશ મળી છે. પોલીસ દ્વારા લાશની ઓળખવિધિ કરતા આ લાશ મથુરભાઈ પરમાર, અંદાજિત ઉ.વ. 40, રહે અધેવાડાની હોવાનું ખુલ્યું છે. પોલીસ દ્વારા આ લાશનો કબ્જો લેવામાં આવ્યો છે. અને સાથે બનાવ સ્થળે એફએસએલ અધિકારી અને ડોગ સ્કોવડ દ્વારા બનાવ વિસ્તારને ટ્રેક કરવામાં આવ્યો છે. હાલ ઈન્કવેસ્ટ ભરી પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવશે. વધુમાં જણાવ્યું હતું કે, એફએસએલ અધિકારીનું કહેવાનું છે કે જે રીતે લાશ પડેલી છે તે જગ્યા એ કોઈ બ્લડ છે નહીં, અને બનાવ સ્થળે પાસે દીવાલ છે અને નજીક થી બાઈક મળેલું છે. ત્યારે અલગ-અલગ તર્ક ચાલે છે. પોલીસ દ્વારા મૃતદેહને પીએમ અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવેલ છે. પીએમ રિપોર્ટમાં ઈજા થયેલી છે કે, કેમ તે રિપોર્ટમાં સામે આવશે. ત્યારબાદ આ બનાવ એક્સીડેન્ટલ ડેથ છે કે મર્ડર છે તે ખુલવા પામશે.

**BCGની ચૂંટણીમાં ઉમેદવારી કરનાર એડ્વોકેટ ઝકી શેખ સાથે પ્રશ્નોત્તરી**

# વકીલોને વેલફેરની રકમ તેમની હયાતીમાં જ મળી જવી જોઈએ

**હાલમાં** વકીલોની સલામતી, હાઈકોર્ટની ડિજિટલ પ્રક્રિયામાં સરળતાથી માંડીને કોર્ટ કેમ્પસમાં પાર્કિંગની સમસ્યા દૂર કરવાની મારી પ્રાથમિકતા રહેશે

સુરતઃ રાજ્યમાં 70 હજારથી વધુ અને દક્ષિણ ગુજરાતમાં 12 હજારથી વધુ મતદારો ધરાવતા ગુજરાત બાર કાઉન્સિલની હાલમાં ચૂંટણી ચાલી રહી છે. આખા ગુજરાતના વકીલોને આવરી લેતી આ ચૂંટણીમાં સુરતમાંથી મેદાને ઉતરેલા અનેક ઉમેદવારોમાં સૌથી યુવાન ઉમેદવાર તરીકે જાણીતા એડવોકેટ ઝકી મુખત્યાર શેખનો સમાવેશ થાય છે.

આગામી તા.6ઠ્ઠી માર્ચના રોજ મતદાન થનાર છે અને પ્રેફરેન્શિયલ વોટિંગ થનાર છે ત્યારે મતદાન પત્રકમાં 82મો ક્રમાંક ધરાવતા વકીલોના વેલફેરની સાથે સાથે વકીલોની સલામતી સહિતના મુદ્દાઓ લઈને ચાલતા ઉમેદવાર ઝકી શેખ સાથે 'ગુજરાતમિત્ર'એ પ્રશ્નોત્તરી કરી હતી.

**સવાલઃ તમે કેટલા વર્ષથી પ્રેકટિસ કરો છો? વકીલાત સાથેનો તમારો નાતો કઈ પ્રકારનો છે? ગુજરાત બાર કાઉન્સિલ સાથે ભૂતકાળમાં કામ કર્યું છે?**

**જવાબઃ** હું છેલ્લા પંદર વર્ષથી પ્રેકટિસ કરી રહ્યો છું. મારા જે તે સમયે સીનિયર ચંદ્રકાંત આર. ગાંધી અને મનિષ ગાંધી હતા. વકીલાત એ મારા પરિવારની લેગસી રહી છે. મારા પિતા જાણીતા એડવોકેટ મુખત્યાર શેખ છે. જ્યારે મારા ભાઈ યાહ્યા પણ જાણીતા એડવોકેટ છે. મારા દાદા ડોકટર હતા. હું શિક્ષિત પરિવારમાંથી આવું છું. હું ભૂતકાળમાં સને 24-25માં ગુજરાત બાર કાઉન્સિલમાં કો-ઓપ. સભ્ય તરીકે શિસ્ત સમિતીમાં રહ્યો છું.

**સવાલઃ ગુજરાત બાર કાઉન્સિલની ચૂંટણી લડવાનો તમારો હેતું શું?**

**જવાબઃ** ગુજરાત બાર કાઉન્સિલની ચૂંટણી લડવાનો મારો પ્રથમ હેતુ એ છે કે વકીલોને હાલમાં ગુજરાત બાર કાઉન્સિલમાંથી તેમના મોત બાદ વેલફેરની રકમ મળે છે. હાલમાં એવી સ્થિતિ છે કે એક ઉંમરે વકીલને પ્રેકટિસ નહીં કરી શકવાને કારણે નાણાંની જરૂરીયાત ઊભી થાય છે. જેને કારણે મારી લડત એ રહેશે કે વેલફેર ટિકીટ રદ કરવામાં આવે. 35 વર્ષ સુધી પ્રેકટિસ કરનાર અને જેને કાનૂની વારસદાર નથી તેવા વકીલોને તેમની હયાતીમાં જ વેલફેરમાંથી નિયત રકમ મળે કે જેથી તે તેનો નિશ્ચિંતપણ નિર્વાહ કરી શકે. 65 વર્ષથી વધુ વયના વકીલોને વેલફેર ફીમાંથી મુક્તિ આપવી જોઈએ. રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે 5 કરોડ રૂપિયા ગુજરાત બાર કાઉન્સિલને આપવામાં આવે.



**સવાલઃ સુરત સહિત અનેક શહેરોની કોર્ટ બિલ્ડિંગમાં પાર્કિંગનો પ્રશ્ન મોટો છે તો તમારો તેના માટે શું વિચાર છે?**

**જવાબઃ** હાલમાં અનેક કોર્ટ બિલ્ડિંગમાં વકીલો કેસ લડવા નહીં પરંતુ પાર્કિંગ યુદ્ધ માટે જતાં હોય તેવી સ્થિતિ છે. જેથી પ્રત્યેક કોર્ટ કેમ્પસમાં નિર્ધારીત પાર્કિંગ ઝોન, બાર કોડ આધારીત એન્ટ્રી તેમજ જ્યાં શક્ય હોય ત્યાં સ્માર્ટ અથવા તો ડિજિટલ પાર્કિંગ સિસ્ટમ અમલમાં લાવવાના પણ મારા પ્રયાસો રહેશે.

**સવાલઃ જો તમે ચૂંટાશો તો વકીલોની સલામતી માટે તમે શું શું કરશો?**

**જવાબઃ** મારો પ્રચારનો એ હેતું પણ છે કે વકીલોને હાલમાં જે રીતે હેરાન કરવામાં આવી રહ્યા છે તેની સામે સલામતીનો છે. કેટલાક કેસમાં વકીલો સામે સીધો ગુનો નોંધી દેવામાં આવે છે ત્યારે જેમ તલાટી સામે ગુનો નોંધતાં પહેલા મંજૂરી જરૂરી છે તેવી જ રીતે વકીલો સામે ગુનો નોંધતા પહેલા પણ મંજૂરી ફરજિયાત કરવી જોઈએ અને આવા એડવોકેટને બાર કાઉન્સિલ દ્વારા સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર પણ આપવા જોઈએ કે જેથી તે પોતાનો બચાવ કરી શકે.

**સવાલઃ હાઈકોર્ટ દ્વારા કાનૂની પ્રક્રિયાને ડિજિટલ કરવામાં આવી રહી છે તેમાં તમારો શું મત છે?**

**જવાબઃ** હાલમાં હાઈકોર્ટ દ્વારા ડિજિટલ વ્યવસ્થાઓ કરવામાં આવી રહી છે પરંતુ તે જટિલ છે. જેને કારણે જિલ્લા સ્તરે પ્રેકટિસ કરતાં વકીલોને ગંભીર ટેકનિકલ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. જેથી આ માટે એક જ યુનિફાઈડ વીસી પ્લેટફોર્મ બને તે માટે મારી લડત રહેશે.

**સવાલઃ વકીલોએ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના કામ માટે અમદાવાદ જવું પડે છે ત્યારે તમે શું પ્રયાસો કરશો?**

જવાબઃ એ વાત સાચી છે કે ગુજરાત બાર કાઉન્સિલની મોટાભાગની પ્રક્રિયાઓ અમદાવાદ પુરતી જ સિમીત છે. જેને કારણે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના વકીલોને મુશ્કેલી પડે છે. જેથી બાર કાઉન્સિલ ગુજરાત દ્વારા દર મહિને બે ઝોન ઓફિસ વિઝિટ કરવાની સિસ્ટમ અમલમાં મુકવામાં આવે. આ માટે હું ચોક્કસ પ્રયાસો કરીશ.

# અંબાજી મંદિરમાં ધુળેટીએ શિવાજીની તલવારના દર્શન

**જૂના** અંબાજી માતા મંદિરનો શિવાજી મહારાજ સાથે ૪૦૦ વર્ષ પુરાણો નાતો



સુરત : અંબાજીરોડ સ્થિત જૂનાઅંબાજી માતાના મંદિરમાં ધૂળેટીના દિવસે શિવાજી મહારાજની તલવાર દર્શન માટે ખુલ્લી મુકાશે.

અંબાજી મંદિરના મહારાજ મહર્ષિ વિપુલ અંબાજીવાળાએ જણાવ્યું હતું કે, જૂના શ્રી અંબાજી માતા મંદિરનો શિવાજી મહારાજ સાથે ૪૦૦ વર્ષ પુરાણો નાતો હોવાથી હોળી ધૂળેટી નિમિતે ૧ માર્ચ, રવિવારે પૂજા તલવાર ભાવિક ભક્તોનાં દર્શન માટે ખુલ્લી મુકાશે. આ મંદિરનો ઈતિહાસ એવો છે કે, સુરત યુદ્ધ કે જે ૫ જાન્યુઆરી, ૧૬૬૪ માં છત્રપતિ શિવાજી મહારાજ અને ઈનાયત ખાન જે એક મુઘલ સુબેદાર હતો તેમની વચ્ચે સુરત શહેર, ગુજરાત નજીક થયું હતું. જેમાં શિવાજીએ પ્રમાણમાં નાના મુઘલ દળને હરાવ્યું હતું. દરમિયાન તેમણે જૂના અંબાજી માતા મંદિરમાં પધારી જગત જનનીનાં દર્શન કરી આશીર્વાદ પ્રાપ્તિ પછી શક્તિનું પ્રતિક ગણાતી પૂજાની તલવાર માતાજીના ચરણે અને શરણે ભેટ ધરેલ ત્યારપછી તે પરત ફરતી વેળાએ ભવાની માતાના મંદિર એ દર્શન કરી સૂર્યપુત્રી નદી કુદાવી હતી! જેથી હોળી ધૂળેટી નિમિતે ૧ માર્ચ, રવિવારે શિવાજી મહારાજની શક્તિનું પ્રતિક ગણાતી પૂજા તલવાર ભક્તોનાં દર્શન માટે ખુલ્લી મુકાશે,

# રાજ્યના ૧૫ લાખથી વધુ વિદ્યાર્થીઓની કસોટી શરૂ

**શિક્ષણ** મંત્રીએ ગાંધીનગરમાં ગુલાબ આપીને સ્વાગત કર્યુ



(તસવીર : જનક પટેલ - અમદાવાદ)

ગાંધીનગર : ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવતી ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાનો આજે સમગ્ર રાજ્યમાં શાંતિપૂર્ણ અને ઉત્સાહભેર પ્રારંભ થયો છે. રાજ્યભરના ૧૭૦૧ પરીક્ષા કેન્દ્રો પર અંદાજે ૧૫,૨૭,૭૨૪ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી પોતાના ભવિષ્યના નવા પડાવ તરફ આગળ વધી રહ્યા છે. આ અવસરે શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમન વાજાએ ગાંધીનગર સ્થિત શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી તેમની કારકિર્દીમાં ઉચ્ચ શિખરો સર કરી ઉજ્જવળ ભવિષ્ય ઘડવા હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

સ્વામિનારાયણ હાઈસ્કૂલ ખાતે પરીક્ષા આપવા આવેલા વિદ્યાર્થીઓનું ભારતીય સંસ્કૃતિની પરંપરા મુજબ મોઢું મીઠું કરાવી, ગુલાબનું ફૂલ અર્પણ કરી તેમજ પેન-પેડ આપી આત્મીય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શિક્ષણ મંત્રી વાજાએ જણાવ્યું હતું કે સરકાર દ્વારા પરીક્ષાર્થીઓને નિર્ભય અને મુક્ત વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટે સુચારુ આયોજન કરવામાં આવ્યું છે.

પરીક્ષાની પારદર્શિતા અને શાંતિ જળવાઈ રહે તે માટે તમામ કેન્દ્રો સીસીટીવી કેમેરાથી સજ્જ કરવામાં આવ્યા છે. ઉપરાંત જિલ્લા સંકલન સમિતિના વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓને નિરીક્ષક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. કાયદો અને વ્યવસ્થા જાળવવા પૂરતો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. શિક્ષણ મંત્રીએ વિદ્યાર્થીઓને સંદેશ આપ્યો હતો કે પરીક્ષા જીવનનો અંત નથી, પરંતુ નવા અવસરની શરૂઆત છે. માતા-પિતાના સપના સાકાર કરવા અને આત્મવિશ્વાસ સાથે આગળ વધવા તેમણે પ્રેરણા આપી હતી. સમગ્ર રાજ્યની જનતા વતી તમામ વિદ્યાર્થીઓને સફળતા માટે શુભેચ્છાઓ પાઠવાઈ હતી.

# અમરેલીના સાવરકુંડલામાં 10 વીઘાં જમીનમાં આગ ફાટી નીકળી

**સેંજળ** રેવન્યુ વિસ્તારમાં જંગલની સરહદ નજીક બનેલી ઘટના




રાજકોટ : અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના સેંજળ રેવન્યુ વિસ્તારમાં આશરે 100 વીઘા જેટલા વિસ્તારમાં આગ લાગી હતી. જેને પગલે સાવરકુંડલા ફાયર ટીમ, વનવિભાગ અને મામલતદાર સહિતનાઓ દોડતા થયા હતા. ફાયર વિભાગની ટીમે કલાકોની જહેમત બાદ આગ પર મોટાભાગનો કાબૂ મેળવી લીધો હતો. આગની ઘટના સેંજળ રેવન્યુ વિસ્તારમાં જંગલની સરહદ નજીક બની હતી, જેના કારણે તેની ગંભીરતા વધી ગઈ હતી. આગ લાગ્યાની જાણ થતાં જ વનવિભાગની ટીમ, સાવરકુંડલા મામલતદાર, નગરપાલિકા ફાયર ટીમ સહિત તંત્રની ટીમો તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને આગ બુઝાવવાની કામગીરી શરૂ કરી હતી. આ રેવન્યુ વિસ્તારમાં સિંહ, દીપડા અને નીલગાય જેવા મોટાભાગના વન્યપ્રાણીઓની અવરજવર અને વસવાટ હોવાથી, વનવિભાગે પ્રાથમિકતાના ધોરણે અલગ અલગ વિસ્તારોમાં પહોંચી સ્કેનિંગની કામગીરી હાથ ધરી હતી. વનવિભાગે દાવો કર્યો છે કે, આગની આ ઘટનામાં સિંહ, દીપડા સહિતના વન્યપ્રાણીઓ સુરક્ષિત છે અને કોઈ જાનહાનિ નોંધાઈ નથી. સાવરકુંડલા મામલતદાર શૈલેષ લેવાએ જણાવ્યું હતું કે, "આ ઘટનામાં 100 વીઘા જેટલા વિસ્તારમાં આગ લાગી હતી. અમારી ટીમ, વનવિભાગ અને ફાયર ટીમો સહિત બધા જ હાજર છે. આગ પર મોટાભાગે કાબૂ મેળવી લેવામાં આવ્યો છે અને હાલ કામગીરી ચાલુ છે. ધારી ગીર પૂર્વ ડીસીએફ વિકાસ યાદવે માહિતી આપતા જણાવ્યું કે, "આ આગ રેવન્યુ વિસ્તારમાં છે, જોકે સરહદ પર જંગલ વિસ્તાર આવેલો છે. અમારી ટીમ ઘટના સ્થળે હાજર છે, પરંતુ જંગલ સુરક્ષિત છે. વન્યપ્રાણીઓ પણ સુરક્ષિત છે અને કોઈ નુકસાન થયું નથી. આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લેવામાં આવ્યો છે."

### સુડોકુ ૭૬૨૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ૭ | ૩ | | |
| | | ૪ | | ૩ | ૮ | | ૯ | |
| | ૮ | ૬ | ૧ | ૯ | | ૭ | | ૪ |
| ૬ | | | | ૨ | | ૫ | | |
| ૭ | ૩ | ૨ | | ૫ | | ૧ | | ૮ |
| | ૫ | | | ૭ | ૬ | | | |
| ૪ | ૧ | ૫ | | ૮ | ૩ | | | |
| | | ૩ | ૭ | ૧ | | ૪ | ૨ | ૫ |
| | ૨ | | ૬ | ૪ | ૫ | | | ૩ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોકસ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોકસમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



### દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

**દાંતની કાળજી**


નવી જાહેરાતો જોઈને દાંત માટે કોલસાનું અને મીઠાનું મહત્વ સમજાયું જ હશે. થોડી મહેનત લો. લીમડાના લાવી, ધોઈ, છાયા નીચે સૂકવી દો. એક કઢાઈમાં મૂકી સળગાવી દો. સળગવા માંડે એટલે ઢાંકણ ઢાંકી દો. બળીને કોલસા થશે. આવી કાળી ભસ્મ સો ગ્રામ હોય તો તેમાં વીસ ગ્રામ સિંધવ અને પાંચ ગ્રામ લવિંગ વાટીને ભેળવો. વસ્ત્રગાળ થાય તો ઉત્તમ. આ રોજ મંજન તરીકે વાપરો. દાંત ના પણ હોય તો ચપટી મંજન મોંમાં ફેરવી, પાંચ મિનિટ રાખી, કોગળો કરવાથી સવાર સુધરશે.

### અમદાવાદ-મુંબઈ એક્સપ્રેસમાંથી યુવાનની બેગ ચોરાઈ

વલસાડઃ પાલનપુરનો યુવાન અલ્પેશ પરમાર ટ્રેનમાં મુસાફરી કરી રહ્યો હતો. સુરત સ્ટેશન પસાર થયા બાદ તે ઊંઘી ગયો હતો, ત્યારે અજાણ્યા શખ્સે તેની બેગ પર હાથ ફેરવી લીધો હતો. ચોરી ગયેલી બેગમાં અંદાજે રૂપિયા 6,850 કિમતી સામાન હોવાનું જાણવા મળ્યું છે. ઘટના અંગે જાણ થતાં જ મુસાફરે રેલવે પોલીસને ફરિયાદ નોંધાવી હતી. ટ્રેનોમાં આવી ચોરીના બનાવો વારંવાર બનતા હોવા છતાં અસરકારક રીતે રોકાયા નથી, જે મુસાફરો માટે ચિંતાનો વિષય છે. રેલવે પોલીસે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

### શબ્દગુંફન - ૭૧૭૮

અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**

૧. આરોગ્ય, સ્વાસ્થ્ય (૪)
૪. જાસૂસ (૨)
૬. રાત્રિ (૩)
૮. આશય (૨)
૯. પગપાળો પ્રવાસ (૪)
૧૧. રિવાજ, ધારો (૩)
૧૨. રેશમ, તેજ (૨)
૧૩. વચન (૨)
૧૪. મન, અંતઃકરણ (૨)
૧૫.જાનવર,પશુ(૪)
૧૩. મુરબ્બી, રક્ષક (૨)
૧૮. અપ્રિતિ, અરુચિ (૩)
૧૯. વિદ્યુત (૨)
૨૧. જરૂરી જ ખર્ચ કરવું (૫)
૨૪. દિલ (૨)
૨૫. પાણીનો કુંડ (૨)
૨૬. વહાણનો દોરનાર (૩)
૨૭. અંધકાર (૩)
૨૯. તેજ, ભપકો (૩)
૩૦. સ્નેહ, પ્રેમ (૩)
૩૧. જુલમી, નિર્દય (૩)
૩૨. વેલ (૨)

**ઊભી ચાવી**

૧. છત્રીઘાટનું લૂગડાનું બનાવેલું ઘર (૨)
૨.પહોંચ,પાવતી(૩)
૩. ધરતી, જમીન (૨)
૫. કૃપા દાખવવાપણું (૫)
૬. મુસાફરી (૨)
૭. ઘાસ (૩)
૯. પારકું અન્ય (૨)
૧૦. વેદના, પીડા (૩)
૧૨. સાઠ વર્ષ પૂરાં થયાની ખુશાલીનો મહોત્સવ (૭)
૧૩. દુશ્મનાવટ (૨)
૧૫. જન્મ આપનાર પિતા (૩)
૧૬. સોના-ચાંદીનું છેક પાતળું પતળું (૩)
૧૭. કંટાળેલું (૨)
૧૯. બહાદુર (૨)
૨૦. માશૂક, પ્રિયતમા (૩)
૨૨. કૃપા, દયા (૩)
૨૩. સરોવર (૨)
૨૪. એક જાતનું ઝીણું કપડું (૪)
૨૬. માતાનો ભાઈ (૨)
૨૭. એક તેલી બી (૨)
૨૮. શિક્ષા , દંડ (૨)
૨૯. શ્વાસ (૨)



### આજનું પંચાંગ

**તા. 27/02/2026, શુક્રવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1947
**વીર સંવત :** 2552 **માસ :** ફાગણ
**તિથિઃ** સુદ: અગિયારસ:22:34
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** વસંત
**રાષ્ટ્રિય દિનાંક :** ફાગણ: 08
**નક્ષત્ર :** આદ્રા- 10:50 પછી પુનર્વસુ
**યોગ :** આયુષ્યમાન **કરણઃ** વણિજ
**રાશિઃ** મિથુન (ક,છ,ઘ) 27:54 પછી કર્ક (ડ,હ)
**દિવસ :** મિશ્ર- આમલકી એકાદશી
**સુરતમાં સૂર્યોદય :** 07:02 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:41
**નવકારસી :** 07:50
**પારસી વર્ષ :** 1395 મહેર માસનો 17મોરોજ
**મુસલમાન વર્ષ :** 1447, રમજાન માસનો 09મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદવેગ, ચલ,
**રાત્રિનાં ચોઘડિયાં:** રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ, રોગ,
**રાહુ કાળ:** સવારે: 10:30 થી 12:00 સુધી

### આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** વિદ્યાભ્યાસમાં પ્રગતિ થાય. મિત્રો સાથે મનોરંજન થાય. જીવનસાથીનો સાથ મળે.

**વૃષભ (બ,વ,ઉ,):** ખાણી-પીણી અને મોજ-શોખના ધંધામાં લાભ થાય. ઘરમાં તાલમેળ રહે.

**મિથુન (ક,છ,ઘ,):** મનગમતી મુલાકાત થાય. નોકરીમાં નવી તક મળે. ધંધામાં આવક વધે.

**કર્ક (ડ,હ,):** વિદ્યાર્થીઓને ગુપ્ત ભય સતાવે. અચાનક શુભ સમાચાર મળે. પ્રવાસમાં સાવધાન રહેવું.

**સિંહ (મ,ટ,):** ઉચ્ચ કક્ષાનાં મિત્રોથી લાભ થાય. વિદ્યાર્થીઓની અનુકૂળતા વધે. આવક વધશે.

**કન્યા (પ,ઠ,ણ,):** નોકરી-ધંધામાં નવા ફેરફારથી અનુકૂળતા રહે. પ્રોપર્ટીના સોદા પાર પડે.

**તુલા (ર,ત,):** વિદ્યાભ્યાસમાં મદદ મળે. વિદેશના કામમાં ગતિ આવે. કાયદા બાબતે પ્રગતિ.

**વૃશ્ચિક (ન,ય,):** સરકારી યોજનાનો લાભ મળે. ખર્ચા વધે. આરોગ્ય નરમ રહે. શુભ સમાચાર મળે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** નવી ભાગીદારીની યોજના આગળ વધશે. સામાજિક કામમાં યશ મળે. વિવાહ લાયકને તક મળે.

**મકર (ખ,જ,):** આરોગ્ય સુધરે. નોકરીમાં પ્રગતિ થાય. માતાનો સાથ મળે. ખર્ચા વધશે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** વિદ્યાર્થીઓને અનુકૂળતા રહે. નવા કામની શરૂઆત થાય. અચાનક શુભ સમાચાર મળે.

**મીન (દ,ચ,ઝ,થ,):** નવા ઘર, વાહન, મકાન, જમીન, વારસા જેવા કામમાં ગતિ આવે. પ્રવાસ થાય.

### કોઈ પણ સાલમાં 27 ફેબ્રુઆરીએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નવા ફેરફાર, નવી ટેકનોલોજી અને નવું શિખવાની અનુકૂળતાવાળા વાતાવરણમાં કામ કરવાની તક મળે. આર્થિક બાબતે પ્રગતિ થાય. ઉઘરાણી આવે. નવા રોકાણ થાય. વારસા, જાયદાદ, જમીન તથા સરકારી કામ, કોર્ટ કચેરીમાં પ્રગતિ થાય. સમાજ-પરિવારમાં પ્રભાવ વધશે. ઉંમરલાયકના વિવાહ થાય. સંતાનોના અભ્યાસ-કેરીયરમાં પ્રગતિ થાય. આરોગ્ય સામાન્ય રહે. વિદેશના કામમાં ગતિ આવે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. ઉંમરલાયકના વિવાહ થાય. નવા ઘર, વાહન મકાનની યોજના પાર પડે. મિત્રો-વડીલોની મદદ મળતી રહે. યાત્રા-પ્રવાસ-ધર્મ-કર્મ થાય. માર્ચ- એપ્રિલ ઓક્ટોબર-નવેમ્બરમાં મંગળ-ગુરુવાર, 9,18,27 તારીખ શુભ રહે. લાલ રંગનો ઉપયોગ કરતા રહેવું. ડિસેમ્બર-જાન્યુઆરી, બુધ, શનિવાર અને તા. 8,17,26 નવા કામમાં ટાળવી. સફેદ, ભૂરા રંગનો ઉપયોગ ટાળવો.

# નવસારીમાં એક જ દિવસમાં તાપમાન ચાર ડિગ્રી ઘટી ગયું

**ઊંચા** ભેજના કારણે પાકમાં ફૂગજન્ય રોગો અને જીવાતોના ઉપદ્રવની શક્યતા

નવસારીઃ નવસારી કૃષિ યુનિવર્સિટી (NAU) દ્વારા જાહેર કરાયેલા છેલ્લા બે દિવસના હવામાન આંકડા મુજબ જિલ્લામાં મહત્તમ તાપમાનમાં ચાર ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે, પરંતુ સવારના સમયે ભેજનું પ્રમાણ સતત ઊંચું રહેતાં વાતાવરણમાં ભેજભર્યો માહોલ જોવા મળી રહ્યો છે. બદલાતા હવામાનના આ ટ્રેન્ડથી સામાન્ય જનજીવન, આરોગ્ય અને કૃષિ પર મિશ્ર અસર થવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે. તા. 25 ફેબ્રુઆરીએ મહત્તમ તાપમાન 34 ડિગ્રી અને લઘુત્તમ 17 ડિગ્રી નોંધાયું હતું, જ્યારે 26 ફેબ્રુઆરીએ મહત્તમ તાપમાન ઘટીને 30 ડિગ્રી રહ્યું હતું અને લઘુત્તમ તાપમાન 18 ડિગ્રી નોંધાયું હતું. જોકે બંને દિવસ સવારની સાપેક્ષ ભેજ 95 ટકા જેટલી ઊંચી રહી હતી, જેનાથી વહેલી સવારે ભેજયુક્ત અને ભારે વાતાવરણનો અનુભવ થયો હતો. હવામાન નિષ્ણાતોના મતે તાપમાનમાં ઘટાડો હોવા છતાં ઊંચી ભેજના કારણે દિવસ દરમિયાન ગરમી અને ઉકળાટ જેવી સ્થિતિ અનુભવાઈ શકે છે. ઊંચી ભેજના કારણે પાકમાં ફૂગજન્ય રોગો અને જીવાતોના ઉપદ્રવની શક્યતા વધી શકે છે. ખેડૂતોને ખેતરમાં રક્ષણાત્મક પગલાં લેવા નિષ્ણાતોએ સલાહ આપી છે.

# પત્ની સાથે વાતચીતની શંકાએ મનપાના મુકાદમ પર બુલેટ ચડાવી દીધી

**ડભોલી** ચાર રસ્તા પાસે મુકાદમને માર મારતા પાંસળી અને પગમાં ફ્રેક્ચર થઇ ગયું

સુરતઃ ફરજ બજાવતા મહાનગર પાલિકાના મુકાદમ પર તેમની મહિલા સહકર્મચારીના પતિએ શંકાના આધારે બુલેટની ટક્કર ઉડાવી દીધો હતો. ત્યાર બાદ તેને માર મારતા મામલો સિંગણપોર પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો છે.

વેડ રોડ સ્થિત રમણનગર સોસાયટીમાં રહેતા કરતા 48 વર્ષીય ધીરજલાલ લક્ષ્મણભાઈ પરમાર સુરત મહાનગર પાલિકામાં મુકાદમ છે. તા. 25 ફેબ્રુઆરી 2026ના રોજ સવારે આશરે 8:00થી 8:30 વાગ્યાના સમયગાળા દરમિયાન તેઓ અન્ય ત્રણ કર્મચારી સાથે ડભોલી ચાર રસ્તા પાસે આવેલા સ્વામિનારાયણ મંદિર સફાઈ કરી રહ્યાં હતાં. તે દરમિયાન તેમની સાથે કામ કરતી મહિલા કર્મચારી જ્યોતિબેનના પતિ દિવ્યેશ સાંડીશે રોંગસાઈડમાં બુલેટ દોડાવી ધીરજલાલ સાથે અથડાવી હતી. જેથી તેઓ પટકાઈ ગયા હતાં. ત્યારબાદ દિવ્યેશે "તું મારી પત્ની સાથે કેમ વાત કરે છે? કેમ હેરાન કરે છે?" તેમ કહી માર માર્યો હતો. જેથી તેમને પગ અને પાંસળીમાં ફ્રેક્ચર થઈ ગયું હતું. સમગ્ર મામલે ધીરજલાલ પરમારે સિંગણપોર પોલીસ મથકે ફરિયાદ કરતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.